COSMO FILMS
Engineered to Enhance

# કોસ્મો ફિલ્મ્સે નવી હાઇ ટીયર-રેઝિસ્ટન્ટ, ડ્યુઅલ-સાઇડ કોટેડ પીપી શીટ ફિલ્મ સાથે સિન્થેટિક પેપર પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું

*નવા પ્રિન્ટેબલ સિન્થેટિક પેપર હાઇ ટીયર સ્ટ્રેન્થ, ડાયમેન્શનલ સ્ટેબિલિટી અને વર્સેટાઇલ પ્રિન્ટિંગ ક્ષમતાઓ સાથે પેપર જેવો દેખાવ ધરાવે છે*

**નવી દિલ્હી, 25 ઓગસ્ટ, 2026:** પેકેજિંગ, લેમિનેશન, લેબલિંગ અને ઇન્ડસ્ટ્રીયલ એપ્લિકેશ માટે સ્પેશિયાલિટી ફિલ્મ્સમાં વૈશ્વિક સ્તરે અગ્રણી કોસ્મો ફિલ્મ્સે હાઇ ટીયર રેઝિસ્ટન્ટ ફ્લેક્સો/થર્મલ ટ્રાન્સફર પ્રિન્ટેબલ – બંન્ને બાજૂ કોટેડ પ્રોડક્ટ લોંચ કરીને તેના સિન્થેટિક પેપર પોર્ટફોલિયોનું વિસ્તરણ કર્યું છે. પોલીપ્રોપીલીન (પીપી) શીટ ફિલ્મ ઉપર આધારિત પ્રોડક્ટ્સને પ્લાસ્ટિક ફિલ્મના ટકાઉપણું અને ટીયર રેઝિસ્ટન્સ સાથે પેપરના લૂક અને ફીલ આપવા માટે ડિઝાઇન કરવામાં આવ્યા છે.

નવા સિન્થેટિક પેપરમાં બંને બાજut કો-એક્સ્ટ્રુડેડ અને મેટ-કોટેડ સરફેસ છે, જે પેપર જેવો દેખાવ આપે છે અને બંને બાજૂ ઉચ્ચ-ગુણવત્તાવાળી પ્રિન્ટિંગને સક્ષમ બનાવે છે. આ પ્રોડક્ટ એવી એપ્લિકેશનો માટે વિકસાવવામાં આવ્યું છે કે જ્યાં પરંપરાગત પેપર હેન્ડલિંગ દરમિયાન ફાટી જવા અથવા નુકસાન થવાની સંભાવના હોઈ શકે છે. આ સુનિશ્ચિત કરવા માટે પ્રોડક્ટ હાઇ ટિયર સ્ટ્રેન્થ, ડાયમેન્શનલ સ્ટેબિલિટી અને ટકાઉપણુંને વિવિધ પ્રિન્ટિંગ અને કન્વર્ટિંગ પ્રક્રિયાઓમાં સુસંગતતા સાથે જોડે છે. આ પ્રોડક્ટ યુવી ઓફસેટ, વોટર-બેઝ્ડ અને યુવી ફ્લેક્સો તેમજ બંને બાજૂ થર્મલ ટ્રાન્સફર પ્રિન્ટિંગને પણ સપોર્ટ કરે છે, જે બ્રાન્ડ્સ અને કન્વર્ટર્સને હાઇ-ક્વોલિટી, ટકાઉ ટેગ્સ અને લેબલ્સ બનાવવા માટે સક્ષમ બનાવે છે. તે ડાઇ-પંચ્ડ અને કાળજીપૂર્વકના પર્ફોરેટેડ પણ હોઈ શકે છે, જે કસ્ટમાઇઝ્ડ એપ્લિકેશનો માટે વધુ સુગમતા આપે છે.

આ લોંચ વિશે **કોસ્મો ફિલ્મ્સના ગ્લોબલ બિઝનેસ હેડ કુલભૂષણ મલિકે** કહ્યું હતું કે, *"સિન્થેટિક પેપર એક મહત્વપૂર્ણ સ્પેશિયાલિટી ફિલ્મ કેટેગરી તરીકે ઉભરી રહ્યું છે કારણ કે બ્રાન્ડ્સ અને બિઝનેસિસ એવું મટિરિયલ શોધે છે  કે જે પેપરના વિઝ્યુઅલ આકર્ષણને વધુ ટકાઉપણું અને પર્ફોર્મન્સ સાથે જોડે છે. અમારા નવા હાઇ ટીયર રેઝિસ્ટન્ટ ફ્લેક્સો/થર્મલ ટ્રાન્સફર સિન્થેટિક પેપર સાથે અમે એવી એપ્લિકેશનોને મદદ કરી રહ્યા છીએ કે જ્યાં ટીયર રેઝિસ્ટન્સ, પ્રિન્ટ પર્ફોર્મન્સ અને ડાયમેન્શનલ સ્થિરતા મહત્વપૂર્ણ છે. બહુવિધ પ્રિન્ટિંગ તકનીકોમાં બંને બાજૂ છાપવાની ક્ષમતા ટેગ અને આઇડેન્ટિફિકેશન એપ્લિકેશનો માટે તેની વૈવિધ્યતાને વધુ વિસ્તૃત કરે છે."*

125, 150, 200 અને 250 માઇક્રોન થિકનેસમાં ઉપલબ્ધ આ પ્રોડક્ટ રીલ ફોર્મમાં 1,550 મીમીની મહત્તમ પહોળાઈ સાથે ઓફર કરવામાં આવે છે. પીપી-આધારિત શીટ પણ એફડીએ દ્વારા માન્ય છે, જે મટિરિયલની સલામતી અને ફૂડ-કોન્ટેક્ટ એપ્લિકેશનો માટે કડક ધોરણોની જરૂર હોય તેવા એપ્લિકેશનોમાં તેના ઉપયોગને સમર્થન આપે છે. આ પ્રોડક્ટ ખાસ કરીને ટકાઉ ટેગ્સ અને આઇડેન્ટિફિકેશન લેબલ્સ માટે યોગ્ય

છે, જેમાં ગાર્મેન્ટ હેંગ ટેગ્સ, ટ્રી ટેગ્સ, એરપોર્ટ ટ્રાન્સફર ટેગ્સ, બાગાયતી ઓળખ ટેગ્સ અને પશુ ઓળખ ટેગ્સનો સમાવેશ થાય છે.

આ લોંચ કોસ્મો ફિલ્મ્સ દ્વારા તેની રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ક્ષમતાઓ દ્વારા સમર્થિત સ્પેશિયાલિટી ફિલ્મ્સ ઉપર સતત ધ્યાન કેન્દ્રિત કરવા અને એપ્લિકેશન-વિશિષ્ટ ફિલ્મ સોલ્યુશન્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા પર આધારિત છે. તેના સિન્થેટિક પેપર પોર્ટફોલિયોમાં પહેલાથી જ પરંપરાગત પેપરના ટકાઉ વિકલ્પો તરીકે ડિઝાઇન કરાયેલી પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે, જેમાં વિશિષ્ટ એપ્લિકેશનો માટે નોન-ટીયરેબલ, મેટ-કોટેડ સોલ્યુશન્સનો સમાવેશ થાય છે. 30થી વધુ હાઇ ક્વોલિફાઇડ પ્રોફેશનલ્સ, મજબૂત આર એન્ડ ડી ટીમ સાથે કોસ્મો ફિલ્મ્સ પેકેજિંગ, લેબલિંગ અને ઇન્ડસ્ટ્રીયલ એપ્લિકેશનોમાં વિશેષતા અને ટકાઉ ફિલ્મ સોલ્યુશન્સ વિકસાવવામાં સતત રોકાણ કરે છે.

**About Cosmo Films:**
Cosmo Films is a global leader in specialty films for packaging, lamination, labelling and synthetic paper. With engineering of innovative products and sustainability solutions, Cosmo Films over the years has been partnering with worlds' leading F&B and personal care brands and packaging & printing converters to enhance the end consumer experience. With manufacturing units in India and warehousing in different parts of the world, the company has been at the forefront of developing customer-centric solutions to deliver the finest product and service experience, backed by innovation, people, and processes.

**About Cosmo First Limited:**
Established in 1981 by Mr Ashok Jaipuria, Cosmo First Limited is an over four-decade-old global conglomerate. Its consumer vertical comprises Cosmo Consumer, which is into Window Films, Paint Protection Films & Ceramic Coatings for automobiles, and Zigly Pet Care, which provides a digital-first omni channel pet care ecosystem. Its industrial vertical includes Cosmo Films for specialty films for packaging, labels, lamination, and industrial applications; Cosmo Speciality Chemicals for coatings, adhesives and masterbatches, and Cosmo Plastech for rigid packaging. With sustainable innovation, development, and research embedded in its core values, Cosmo First serves customers in 100+ countries.